# B.ED. SEM – IV EXAMINATION - 06 SEP 2019

## Course No- 8(B) : Knowledge & Curriculum (Part-2)

**Time : 2 Hrs.** **( Sub. Code : 10265 )** **Marks : 50**

---

પ્રશ્નઃ 1 પ્રશ્નની નીચે આપેલા ચાર વિકલ્પો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. 12

1.1 શૈક્ષણિક પ્રક્રિયામાં પાયાની ત્રણ બાબતોમાં શેનો સમાવેશ થઈ શકતો નથી?

A. શાળા B. શિક્ષક C. વિદ્યાર્થી D. અભ્યાસક્રમ

1.2 નીચેનામાંથી કોણે શાળાને 'કલાગૃહ' અને શિક્ષકને 'કલાકાર' તરીકે ઓળખાવ્યાં છે?

A. રોબર્ટ બેક B. કનિંઘમ C. મુનરો D. વોલ્ટર કૂક

1.3 "ગણિત બાળક માટે છે, બાળક ગણિત માટે નથી." – આ વિધાન અભ્યાસક્રમ રચનાના કયા સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે?

A. પ્રવૃત્તિકેન્દ્રી સિદ્ધાંત B. બાળકેન્દ્રી સિદ્ધાંત C. વિષયકેન્દ્રી સિદ્ધાંત D. પ્રકૃતિકેન્દ્રી સિદ્ધાંત

1.4 અભ્યાસક્રમ વિકાસનાં સોપાનોનું પ્રથમ પગથિયું કયું છે?

A. ધ્યેયોની રચના B. વિષયવસ્તુ પસંદગી C. જરૂરિયાતની ઓળખ D. વિષયવસ્તુની ગોઠવણી

1.5 પાઠ્યક્રમનાં લક્ષણોમાં નીચે પૈકી શેનો સમાવેશ સમાવેશ થતો નથી?

A. સ્થિતિચુસ્તતા B. ચોક્કસ વિષયવસ્તુ C. જડ માહિતીનો સમુચ્ચય D. જીવનલક્ષીતા

1.6 કયા પ્રકારનાં અભ્યાસક્રમમાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના રસરુચિ, વલણ, શકિત તેમજ આવડત ખીલવવાનો હેતુ હોય છે.

A. ઓપચારિક અભ્યાસક્રમ B. અપેક્ષિત અભ્યાસક્રમ

C. સંબંધમૂલક અભ્યાસક્રમ D. ગર્ભિત અભ્યાસક્રમ

1.7 અભ્યાસક્રમ પર અસર કરતું સૌથી પ્રબળ પરિબળ કયું છે?

A. શાળા B. સમાજ C. શિક્ષક D. પાઠ્યક્રમ

1.8 રાષ્ટ્રીય અભ્યાસક્રમ પરિરૂપની રચના કયારે કરવામાં આવી?

A. 2003 B. 2005 C. 2009 D. 2011

1.9 અભ્યાસક્રમ વિકાસના આર્કીટેક તરીકે કોને ઓળખવામાં આવે છે?

A. હિલ્ડા ટાબા B. ટેઈલર C. જ્હોન ડયૂઈ D. હેનરી ઓટો

1.10 રાષ્ટ્રીય સ્તરે શિક્ષક–પ્રશિક્ષક અભ્યાસક્રમમાં સમયાંતરે જરૂરી સુધારા, સૂચનો કે માર્ગદર્શન આપવાનું કાર્ય કઈ સંસ્થા દ્વારા કરવામાં આવે છે?

A. N.U.E.P.A. B. U.G.C. C. A.I.C.T.E. D. N.C.T.E

1.11 શિક્ષકનાં શિક્ષકકાર્ય દરીમયાન વિવવષયવસ્તુ, અધ્યાપન પદ્ધતિ કે પ્રવૃત્તિ સંબંધિત સમસ્યા નિવારવા માટે કયું ઉપકરણ સૌથી વધુ ઉપયોગી છે?

A. પાઠ્ય–પુસ્તક B. વિષયગંત સૂચિ C. શિક્ષક હાથપોથી D. શૈક્ષણિક સાહિત્ય

1.12 પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણનો વ્યાપ વધારવા રાજયકક્ષાએ કાર્યરત સંસ્થા – G.C.E.R.T નું વડું મથક કયાં આવેલું છે?

A. નવી દિલ્હી B. સુરત C. ગાંધીનગર D. અમદાવાદ

**પ્રશ્ન : 2** નીચે A વિભાગમાં આપેલ બાબતો સામે B વિભાગમાંથી સાચો ઉત્તર શોધી યોગ્ય જોડી બનાવો. **04**

| | વિભાગ A | વિભાગ B |
|---|---|---|
| 2.1 | આદર્શવાદી અભ્યાસક્રમ | A. ખેલ–કૂદ, વ્યાયામ, પર્યટન, ..... |
| 2.2 | પ્રકૃતિવાદી અભ્યાસક્રમ | B. ગણિત, ભૌતિક વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, ..... |
| 2.3 | પ્રયોજનવાદી અભ્યાસક્રમ | C. ઈતિહાસ, સાહિત્ય, નીતિશાસ્ત્ર, ..... |
| 2.4 | યથાર્થવાદી અભ્યાસક્રમ | D. ગૃહવિજ્ઞાન, હસ્તકલા, ઉદ્યોગ–ધંધા, ..... |

**પ્રશ્ન : 3** પહેલી બે બાબતો વચ્ચેના સંબંધનું અર્થઘટન કરી, તે પ્રમાણે બાકીની બે બાબતોનો સંબંધ નિયત થાય તેમ યોગ્ય વિકલ્પ પસંદ કરો. **04**

3.1 અભ્યાસક્રમની નૂતન સંકલ્પના : વિદ્યાર્થીઓનો સર્વાંગીણ વિકાસ :: અભ્યાસક્રમની પ્રણાલીગત સંકલ્પના : ?

A. અભ્યાસપૂરક પ્રવૃત્તિ B. જીવનલક્ષી શિક્ષણ

C. વિવિધ શૈક્ષણિક અનુભવો D. વિષયગત શિક્ષણ

3.2 રાજ્યસ્તરે પ્રાથમિક શિક્ષણના વિકાસ અને ગુણવત્તા સુધાર માટે કાર્યરત સંસ્થા : D.I.E.T. :: ભારતનું એકમાત્ર શિક્ષણમાં વિશેષ સંશોધન માટેનું કેન્દ્ર : ?

A. N.C.E.R.T. B. N.C.T.E. C. C.A.S.E. D. U.G.C.

3.3 અભ્યાસક્રમ : વિવિધ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક પ્રવૃત્તિનો સમન્વય :: પાઠ્યવસ્તુ : ?

A. વિવિધ અધ્યયન તકોનું સુગ્રથિત સ્વરૂપ

B. બાળકમાં રહેલી વિશિષ્ટ શકિતઓ ખીલવવાનું પ્રબળ માધ્યમ

C. જ્ઞાન દૃઢીકરણ માટેની સામગ્રી

D. વિદ્યાર્થીઓમાં ઈચ્છિત વર્તન–પરિવર્તન લાવવા માટેનું અગત્યનું સાધન

3.4 હિલ્ડા ટાબા : આગમનાત્મક અભિગમ :: ટેઈલર : ?

A. સંચાલકીય અભિગમ B. સૈદ્ધાંતિક અભિગમ C. પ્રાયોગિક અભિગમ D. વાર્તનિક અભિગમ

**પ્રશ્ન : 4** નીચેના પૈકી કોઈપણ બેના, દરેકનો 200 શબ્દોમાં ઉત્તર લખોઃ **10**

4.1 સમાજમાં વિદ્યમાન મૂલ્ય–વિહિનતાનાં ધારાધોરણો જણાવી, તેને દૂર કરવામાં અભ્યાસક્રમની ભૂમિકા સ્પષ્ટ કરો.

4.2 અભ્યાસક્રમની સંકલ્પના સ્પષ્ટ કરીને, તેની વિવિધ લાક્ષણિકતાઓ ચર્ચો.

4.3 આધુનિક યુગમાં અભ્યાસક્રમ પર મૂલ્યાંકનનો પ્રભાવ સવિસ્તાર વર્ણવો.

**પ્રશ્ન : 5** નીચેના પૈકી કોઈપણ ત્રણના, દરેકનો 100 શબ્દોમાં ઉત્તર આપોઃ **06**

5.1 પાઠ્યવસ્તુ એટલે શું?

5.2 અભ્યાસક્રમ રચનાનાં કોઈ પણ ચાર સિદ્ધાંતો ટૂંકમાં સમજાવો.

5.3 શિક્ષણમાં અભ્યાસક્રમનું મહત્વ સ્પષ્ટ કરો.

5.4 અભ્યાસક્રમ પર અસર કરતાં વિવિધ સામાજિક જૂથોની યાદી તૈયાર કરો.

5.5 શિક્ષક હાથપોથી એ શું છે?

**પ્રશ્ન : 6** નીચેના પૈકી કોઈપણ એકનો સમીક્ષાત્મક કે પૃથકકરણાત્મક ઉત્તર 200 શબ્દોમાં લખોઃ **04**

6.1 અભ્યાસક્રમ અને પાઠ્યક્રમ વચ્ચેનો તુલનાત્મક સંબંધ રજૂ કરો.

6.2 પ્રવર્તમાન અભ્યાસક્રમના હકારાત્મક અને નકારાત્મક પાસાંઓ વિશે વિશ્લેષણાત્મક નોંધ તૈયાર કરો.

**પ્રશ્ન : 7** નીચેના પૈકી કોઈપણ એકનો 500 શબ્દોમાં ઉત્તર આપોઃ **10**

7.1 હાલના સમયમાં વિદ્યમાન ધોરણ–9 અને 10 ના પાઠ્યપુસ્તક સંદર્ભે તમારા મંતવ્યો તાર્કિક રીતે રજૂ કરો.

7.2 અભ્યાસક્રમના ઘડતરમાં રાજ્યતંત્રની ભૂમિકા વર્ણવી, રાજ્યકક્ષાએ કાર્યરત વિવિધ સંસ્થાઓનો પરિચય આપો.